# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AHD – AKASHVANI –RADIO DIVAS

**સમગ્ર વિશ્વમાં આજે રેડિયો અને કૃત્રિમ બુદ્ધિમત્તાની વિષયવસ્તુ સાથે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી થઈ રહી છે. ત્યારે આકાશવાણી અમદાવાદ પરિસરમાં પણ આજે વિશ્વ રેડિયો દિવસ ઉજવાયો. આ પ્રસંગે આકાશવાણીના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા.**

**આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત પદ્મશ્રી તુષાર શુક્લાએ આકાશવાણી અને રેડિયોના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે વર્ષો જૂના માહિતીના માધ્યમ રેડિયો અને વર્તમાન સમયના માધ્યમ અંગે લોકોને માહિતી આપી. આ પ્રસંગે આકાશવાણી પરિસરમાં વર્ષો જૂના વિવિધ રેડિયો પ્રદર્શન માટે મૂકાયા છે, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ રેડિયોને નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.**

**સાથે જ લોકો માથા પર રેડિયો રાખીને ગરબા પણ રમ્યા હતા.**

. . . . . . . . . . . . .

# PURNESH MODI FORM

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદની ચૂંટણી માટે આજે ભાજપના નેતા પૂર્ણેશ મોદીએ ઉમેદવારીપત્ર ભર્યું છે. અમારા પ્રતિનિધિ

દુર્ગેશ મહેતા જણાવે છે, ભાજપના ધારાસભ્યોએ પૂર્ણેશ મોદીને ટેકો આપ્યો છે.

. . . . . . . . . . . . . .

## VIDHANSABHA KAMKAJ BETHAK

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ રહી છે. તેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ, કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા છે. આ બેઠકમાં આગામી અંદાજપત્ર સત્ર અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. ઉપરાંત પ્રશ્નોત્તરી, વિધાનસભામાં રજૂ થનારા ખરડા સહિતના મુદ્દા પર પણ ચર્ચા કરાશે.

. . . . . . . . . . . . . .

## GOVERNOR - SEVA SETU

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના ચાણપામાં  'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' યોજાયો. જે અંતર્ગત 'સેવા સેતુ' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી દેવવ્રતે ખેડૂતો સાથે સીધો સંવાદ સાધી પ્રાકૃતિક ખેતીના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે,

રાસાયણિક ખેતીને કારણે બંજર થઈ રહેલી ધરતી માતાને પુનઃ જીવિત કરવા અને ભૂગર્ભ જળના સ્તર બચાવવા માટે હવે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ છે. તેમણે એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત ગ્રામજનો સાથે વૃક્ષારોપણ કર્યું હતું. આ તકે તેમણે ઉપસ્થિત સૌને પર્યાવરણના જતનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ તકે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં આવકના દાખલા, આયુષ્માન કાર્ડ, રસીકરણ કેમ્પ, કૃષિલક્ષી જાણકારી સહિતની સરકારની અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો ગ્રામજનોને ઘર આંગણે પૂરા પાડવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# ARAVALLI TOWNHALL

**અરવલ્લીના પ્રભારી મંત્રી રમણ સોલંકીએ અરવલ્લીની બાયડ નગરપાલિકા દ્વારા નિર્મિત નવા 'સરદાર વલ્લભભાઈ પટેલ નગરગૃહનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે નગરપાલિકાની ટીમને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. આ અંગે બાયડ નગરપાલિકાનાં પ્રમુખ ભાવના જોષીએ વધુ માહિતી આપી.**

**(BYTE: BHAVNA JOSHI, PRESIDENT, BAYAD NAGARPALIKA)**

. . . . . . . . . . . . .

# BHAVNAGAR-HELPLINE

રાજ્યમાં આજથી ધો.૧૦ અને ૧૨ બોર્ડના પરીક્ષાર્થીઓ માટે નિઃશુલ્ક "હેલ્પ લાઈન" શરૂ. કરાઇ છે.

પરીક્ષાઓ પૂર્ણ થાય ત્યાં સુધી "ભાઈબંધ હેલ્પ લાઇન" નંબર ૯૯ ૨૪ ૩૪ ૩૫ ૩૬ - ૨૪ કલાક શરૂ રહશે. રાજ્યનો કોઈ પણ વિદ્યાર્થી અથવા તેમના પરિવારજનો આ સેવાનો નિઃશુલ્ક ઉપયોગ કરી શકે છે. આ હેલ્પ લાઈન માં વિદ્યાર્થીઓને તેમની મૂંઝવણો અને પ્રશ્નોના ઉકેલ આપી ઉજવળ ભવિષ્ય માટે ભરોસો આપવાનો પ્રયત્ન કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# DANG VIDEO CONFERENCE

**ડાંગના આહવામાં શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાની વર્ચ્યૂઅલ ઉપસ્થિતિમાં વીડિયો કૉન્ફરન્સ યોજાઈ. બોર્ડની પરીક્ષાની પૂર્વ તૈયારીના ભાગરૂપે યોજાયેલી આ પરિષદમાં પરીક્ષા અંગેની તૈયારીઓની રૂપરેખા, કેન્દ્રની સંખ્યા, બ્લોક વ્યવસ્થા, તમામ પરીક્ષા સ્થળ પર યોગ્ય સીસીટીવી વ્યવસ્થા સહિતની બાબતની ચર્ચા કરવામાં આવી.**

**ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં ધોરણ 10ના કુલ ત્રણ હજાર 759 અને ધોરણ 12માં બંને પ્રવાહમાં આઠ હજારથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે.**

. . . . . . . . . . . . . .

# GANDHINAGAR GOSHTHI

ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ ખાતે શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજા અને કશ્મીરી યુવાનો વચ્ચે વિચાર-ગોષ્ઠી યોજાઈ. વતન કો જાનો વિષયવસ્તુ હેઠળ કશ્મીરી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ અંતર્ગત કશ્મીરના યુવાનો ગુજરાતના વિકાસ અને સંસ્કૃતિથી પરિચિત થયા. શિક્ષણ મંત્રીએ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરાયેલી નવી પહેલ અને યોજનાઓ અંગે યુવાનોને માહિતી આપી.

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલય દ્વારા પ્રયોજિત આ કાર્યક્રમનું સંચાલન 'મેરા યુવા ભારત', ગાંધીનગરના જિલ્લા યુવા અધિકારીના નેતૃત્વમાં થઈ રહ્યું છે. આ ઉપરાંત 15 તારીખ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે પણ આ સાત દિવસીય નિવાસી કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

. . . . . . . . . . . . . .

# MEHSANA JAGRUTI PROG

મહેસાણામાં જિલ્લા યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા યુથ એસેમ્બલી કાર્યક્રમનું આયોજન કરાયું છે. 15થી 29 વર્ષના યુવાનો માટે યોજાનારા આ કાર્યક્રમનો હેતુ લોકશાહી શાસન વ્યવસ્થાના મૂલ્યો યુવા વર્ગમાં વિકસે, મતદાનના મહત્વ અને ચૂંટણી પ્રક્રિયા અંગે તેઓ માહિતગાર થાય તેવો છે. મહેસાણામાં યોજાનારા કાર્યક્રમ માટે યુવાનો પાસેથી અરજી મગાવવામાં આવી છે. યુવાનો આગામી 24 ફેબ્રુઆરી સુધીમાં મહેસાણા બહુમાળી ભવનના ત્રીજા માળે બ્લોકનંબર એકમાં યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતે પોતાની અરજી મોકલી શકશે.

. . . . . . . . . . . . .